# શાંતનુ ગુહા રેના પુસ્તક "ધ ટાર્ગેટ"ને મળેલી અભૂતપૂર્વ સફળતાને લઇ હવે ગુજરાતી આવૃત્તિ આવશે

(પ્રતિનિધિ) અમદાવાદ, તા. ૨૯

ગુજરાતીઓની ઉદ્યોગ સાહસિકતા અને માર્કેટની નાડ પારખુ શક્તિ સમગ્ર વિશ્વમાં જાણીતી છે. ભારતીય ઔદ્યોગિક જગતના ઇતિહાસમાં એક નહીં પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના કારસાના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. આવો જ એક કિસ્સો બહુ નાની વયે પોતાની બુધ્ધિથી ભારતમાં એક વિવેકક્ક્ષાનું માર્કેટ ઉભું કરીને ભારતને ઊંચુ સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના આ વિજય રથને રાજકીય કાવા દાવા અને નિમ્નકક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયું હતું તેની રજે રજ માહિતી વરિષ્ઠ પત્રકાર શાંતનુ ગુહા રેએ 'ધ ટાર્ગેટ' નામના પુસ્તકમાં કર્યું હતું. શાંતનૂ ગુહા રેએ 'ધ ટાર્ગેટ'ની અંગ્રેજીને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે ધ ટાર્ગેટની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઇ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મૂકવામાં આવ્યાના ૯૦ દિવસમાં જ 'એમેઝોન' પર બિઝનેશ અને ઇકોનોમી કેટેગરીમાં સૌથી વધુ વેચાણ નંબર-૧ પુસ્તકનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ધ ટાર્ગેટ પુસ્તકમાં જિજ્ઞેશ શાહને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતાં. વરિષ્ટ પત્રકાર શાંતનુ ગુહા રે લિખિત આ પુસ્તક વાંચ્યા બાદ નેશનલ સ્ટોક એકસચેન્જ પ્રકરણના સંખ્યાબંધ અનુત્તર સવાલોની જવાબ મળી રહે છે. કેટલાક સ્થાપિત હિતોએ પોતાના છુપા ઇરાદા પાર પાડવા જિજ્ઞેશ શાહને એકસચેન્જ બિઝનેશમાંથી કેવી રીતે બહાર ધકેલી દીધા તેનું વિસ્તૃત વર્ણન કરાયું છે. આ સ્થાપિત હિતો કોણ હતા અને તેમના બદઇરાદાઓ કયા અને કેવા હતાં તેના પર શાંતનૂએ પ્રકાશ પાડયો છે અને દેશમાં ચાલતી રાજકારણીઓ અને અમલદારશાહીને સાંઠગાંઠને પુસ્તકમાં ખુલ્લી પાડી છે. આ પુસ્તક ૨૫૩ પાનાનું છે. જેની કિંમત અંદાજીત રૂા. ૧૯૫ રખાઇ છે.